પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૪ | ૨૬ માર્ચ, ૨૦૨૨, શનિવાર; ફાગણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# માનવ મહેરામણ વચ્ચે યોગીનું રાજતિલક

## લખનઉ સ્ટેડિયમ જયશ્રી રામના નારા વચ્ચે યોગી આદિત્યનાથે મુખ્યમંત્રી પદે શપથ લીધા : વડાપ્રધાન સહિતના રાષ્ટ્રીય નેતાઓ, અભિનેતાઓ અને ઉદ્યોગપતિઓએ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના શપથ સમારોહમાં હાજરી આપી





લખનઉ, તા.૨૫

યોગી આદિત્યનાથે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે. યોગી આદિત્યનાથના શપથવિધિ કાર્યક્રમમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહ્યા. પીએમ મોદીએ સ્ટેડિયમમાં પ્રવેશ કરતાં જ મોદી-મોદીના નારા ગૂંજી ઉઠ્યા હતા. જ્યાં મંચ પર ગૃહમંત્રી અમિત શાહ, સ્મૃતિ ઈરાની સહિત ભાજપાના હાઈકમાન્ડ નેતા જોવા મળ્યા હતા. આ કાર્યક્રમમાં ઉત્તારપ્રદેશના રાજયપાલ આનંદીબહેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તારપ્રદેશના મુખ્યમંત્રી તરીકે યોગી આદિત્યનાથના શપથવિધિ સમારોહમાં સ્ટેડિયમ ભરેલું દેખાયું અને જયશ્રી રામના નારા પણ લાગ્યા હતા. આ કાર્યક્રમમાં યોગી આદિત્યનાથ બાદ કેશવપ્રસાદ મૌર્યએ પણ શપથ લીધી છે.

ઉત્તારપ્રદેશમાં આજે શપથવિધિ કાર્યક્રમમાં મુખ્યમંત્રી તરીકે યોગી આદિત્યનાથ જ્યારે ઉપ મુખ્યમંત્રી તરીકે કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠકે શપથ લીધી. આ સિવાય અન્ય મંત્રીઓમાં સૂર્ય પ્રતાપ શાહી, સુરેશ કુમાર ખન્ના, સ્વતંત્ર દેવ સિંહ, શ્રીમતી બેબી રાની મૌર્ય, લક્ષ્મી નારાયણ ચૌધરી, જયવીર સિંહ, ધર્મપાલ સિંહ, નંદ ગોપાલ



ગુપ્તા, ભૂપેન્દ્ર સિંહ ચૌધરી, અનિલ રાજભર, જિતિન પ્રસાદ, રાકેશ સચાન, અરવિંદ કુમાર શર્મા, યોગેન્દ્ર ઉપાધ્યાય, આશિષ પટેલ, સંજય નિષાદે શપથ લીધા છે. વડાપ્રધાન મોદી અને અમિત શાહની હાજરીમાં લખનઉના સ્ટેડિયમમાં યોગીએ સીએમ પદના શપથ લીધા હતા. યોગીના શપથ લેવાની સાથે જ યુપીમાં યોગી સરકાર ૨.૦ શાસન શરૂ થયું છે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે યોગી આદિત્યનાથે શપથ લીધા ત્યારે સમગ્ર સ્ટેડિયમ તાળીઓ અને નારાથી ગૂંજી ઉઠ્યું હતું. મુખ્યમંત્રી યોગીની સાથે-સાથે કેશવપ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠકે ડેપ્યુટી મુખ્યમંત્રી તરીકેની શપથ લીધી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, ઉત્તારપ્રદેશમાં મંત્રીઓની સંખ્યા ૪૫થી ૫૦ની હોઈ શકે છે. શપથવિધિ કાર્યક્રમમાં રાજનેતા સહિત ફિલ્મ સ્ટાર્સ અને ઉદ્યોગપતિઓ જેવા વીવીઆઈપી લોકો હાજર રહ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. યોગી આદિત્યનાથે ઉતરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ ઉતરપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલે કેશવ પ્રસાદ મૌર્યને ઉતરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી તરીકે હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.

## આદિત્યનાથ યોગીના શપથ પહેલાં બદમાશ એન્કાઉન્ટરમાં ઠાર કરાયો

### યુપીના પાટનગર લખનઉમાં પોલીસની કાર્યવાહી : એન્કાઉન્ટરમાં મૃત્યું પામેલા બદમાશનું નામ રાહુલ સિંહ હતું, મૃતક પર પોલીસે એક લાખનું ઇનામ રાખ્યું હતું

લખનઉ, તા.૨૫

યૂપીની રાજધાની લખનઉમાં સીએમ યોગી આદિત્યનાથના શપથ ગ્રહણ કાર્યક્રમ પહેલાં એક ખૂંખારને ઠાર મારવામાં આવ્યો છે. ઠાર મારવામાં આવેલા મૃતક પર પોલીસે એક લાખ રૂપિયાનું ઈનામ રાખ્યું હતું. તમને જણાવી દઈએ કે કે એક્રાઉન્ટરમાં મૃત્યું પામેલા બદમાશનું નામ રાહુલ સિંહ હતું. બદમાશ અને પોલીસ વચ્ચે અથડામણ લખનઉના હસનગંજમાં થઈ હતી. પોલીસ સતત બદમાશ રાહુલ સિંહને શોધી રહી હતી.

તમને જણાવી દઈએ કે બદમાશ રાહુલ સિંહ અલીગંજ જ્વેલર્સ લૂંટ કેસમાં વોન્ટેડ હતો. આ ઘટનામાં લૂંટ દરમિયાન કર્મચારીને ગોળી વાગી હતી. અલીગંજ ક્રાઈમ ટીમે હસનગંજ વિસ્તારમાં બદમાશને ઘેરી લીધો અને જવાબી કાર્યવાહીમાં બદમાશ માર્યો ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે યોગી આદિત્યનાથ આજે સાંજે ૪ વાગે યૂપીના સીએમ પદની શપથ લખનઉના અટલ બિહારી વાજપેયી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં લેશે.

## યુક્રેન સામે રશિયાની મદદ બદલ ચીને પરિણામ ભોગવવા પડશે

### જો બાયડેને કહ્યું કે તેઓ ચીનને ધમકી નથી આપી રહ્યા, પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું કે શી જિનપિંગ રશિયાને મદદ કરવાના સંભવિત પરિણામોને સમજે છે

નવી દિલ્હી,તા.૨૫

યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ જો બાયડેને ચેતવણી આપી છે કે જો



ચીન યુક્રેન સાથેના યુદ્ધમાં રશિયાને સાથ આપશે તો તેના આ પગલાના ગંભીર પરિણામો ભોગવવા પડશે. જો બાયડેને કહ્યું કે તેમણે તેમના ચીની સમકક્ષ શી જિનપિંગને સ્પષ્ટ કરી દીધું છે કે જો ચીન રશિયાને મદદ કરશે તો તેને ગંભીર આર્થિક પરિણામોનો સામનો કરવો પડશે. ચીન દ્વારા રશિયાને સહાય પૂરી પાડવાની સંભાવના પર, જો બાયડેને કહ્યું કે તેણે ગયા અઠવાડિયે શી જિનપિંગ સાથે આ વિષય પર ખૂબ સીધી વાતચીત કરી હતી. બ્રસેલ્સમાં નાટો સમિટ અને ગ્રૂપ ઓફ સેવનની બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે યુક્રેન પર રશિયન આક્રમણ પર આ ટિપ્પણી કરી હતી. જો બાયડેને કહ્યું કે તેઓ ચીનને ધમકી આપી રહ્યા નથી, પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું કે શી જિનપિંગ રશિયાને મદદ કરવાના સંભવિત પરિણામોને સમજે છે.

## પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૮૦ પૈસાનો વધારો થયો

### રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૭.૦૧ રૂપિયા પ્રતિ લિટરથી વધીને ૯૭.૮૧ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે

નવી દિલ્હી,તા.૨૫

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ચાલુ છે. બે દિવસ ૮૦ પૈસાનો વધારો થયા બાદ આજે શુક્રવારે ફરી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ૮૦ પૈસાનો વધારો થશે. આ નવો ભાવ વધારો આજે સવારે ૬ વાગ્યાથી લાગૂ થશે. જાહેર ક્ષેત્રની પેટ્રોલિયમ માર્કેટિંગ કંપનીઓ દ્વારા જારી કરાયેલા પ્રાઈસ નોટિફિકેશન મુજબ, શુક્રવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૭.૦૧ રૂપિયા પ્રતિ લિટરથી વધીને ૯૭.૮૧ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. તો બીજી તરફ ડીઝલની કિંમત ૮૮.૨૭ રૂપિયા પ્રતિ લિટરથી વધીને ૮૯.૦૭ રૂપિયા થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે છેલ્લા બે દિવસમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૧.૬૦ રૂપિયાનો વધારો થયો છે. હવે ત્રીજી વાર ૮૦ પૈસાના વધારા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૨.૪૦ રૂપિયાનો વધારો થઈ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુરૂવારે બિલકુલ પણ ભાવ વધ્યા ન હતા. આ પહેલાં ૨૨ માર્ચ અને ૨૩ માર્ચના રોજ સતત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૮૦ પૈસાનો વધારો થયો હતો.

## ગુજરાત ચૂંટણી સંદર્ભે પ્રશાંત કિશોરે રાહુલનો સંપર્ક કર્યો

નવી દિલ્હી, તા.૨૫

કોંગ્રેસના બે સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર કથિત રીતે આ વર્ષના અંતમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટીના અભિયાન પર કામ કરવા રાહુલ ગાંધી પાસે પહોંચ્યા હતા. હકીકતે ગત વર્ષે સપ્ટેમ્બર મહિનામાં કોંગ્રેસ નેતૃત્વ અને પ્રશાંત કિશોર વચ્ચે થયેલી વાતચીત બાદ બંનેના રસ્તા ફંટાઈ ગયા હતા. ત્યાર બાદ કોંગ્રેસે પોતાના ચૂંટણી અભિયાનોને સંભાળવા માટે કિશોરના એક પૂર્વ સહયોગી સાથે કોન્ટ્રાક્ટ સાઈન કર્યો હતો. જ્યારે પ્રશાંત કિશોર મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ

### કિશોરે માત્ર ગુજરાતની ચૂંટણી પર કામ કરવા માટે વન ટાઈમની રજૂઆત કરી : કોંગ્રેસે હજુ નિર્ણય નથી લીધો

માટે રણનીતિ તૈયાર કરવા લાગ્યા હતા. જાણવા મળ્યા મુજબ કિશોરે માત્ર ગુજરાતની ચૂંટણી પર કામ કરવા માટે વન ટાઈમની રજૂઆત કરી છે. જોકે કોંગ્રેસે હજુ સુધી તેમના પ્રસ્તાવ પર કોઈ નિર્ણય નથી લીધો. આ વાત મંગળવારે ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે રાહુલ ગાંધીની બેઠક દરમિયાન પણ સામે આવી હતી.

ગુજરાત કોંગ્રેસના કેટલાક નેતા કથિત રીતે કિશોરને અભિયાનમાં સામેલ કરવા માટે ઉત્સુક છે. જોકે, અંતિમ નિર્ણય રાહુલ ગાંધીએ જ લેવાનો છે. આ તરફ પ્રશાંત કિશોરની નજીકના લોકોએ આ વાતનું ખંડન કર્યું છે.

કોંગ્રેસી નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ વર્ષની શરૂઆતમાં કહ્યું હતું કે, કિશોર ગત વર્ષો કોંગ્રેસમાં સામેલ થાય તેવી વાસ્તવિક શક્યતા હતી પરંતુ આ ભાગીદારી 'અનેક કારણો'થી ખતમ થઈ ગઈ.

## દેશના શેરબજારમાં સતત ત્રીજા દિવસે પણ કડાકો

### સેન્સેક્સમાં ૨૩૩ અને નિફ્ટીમાં ૭૦ પોઈન્ટનો કડાકો : યુએસ શેરબજાર તેજી સાથે બંધ : આંતરરાષ્ટ્રીય ઓઇલ સ્ટાન્ડર્ડ બ્રેન્ટ ક્રૂડ ૧.૪૪ ટકા ઘટી ૧૧૭.૩૨ ડોલર થયું

મુંબઈ, તા.૨૫

બીએસઈ સેન્સેક્સમાં ૨૩૩ પોઈન્ટથી વધુનો ઘટાડો થતાં શુક્રવારે સતત ત્રીજા દિવસે શેરબજારો ઘટ્યા હતા. વૈશ્વિક ઈક્વિટી બજારોમાં મિશ્ર વલણ વચ્ચે ઈન્ડેક્સ હેવીવેઈટ્સ એચડીએફસી બેંક, ટીસીએસ અને ઈન્ફોસિસમાં થયેલા નુકસાનને પગલે બજારો નીચે આવ્યા હતા. બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૨૩૩.૪૮ પોઈન્ટ્સ અથવા ૦.૪૧ ટકાના ઘટાડા સાથે ૫૭,૩૬૨.૨૦ ના સ્તર પર બંધ થયા છે. ટ્રેડિંગ દરમિયાન એક સમયે તે ૪૯૫.૪૪ પોઈન્ટ ઘટીને ૫૭,૧૦૦.૨૪ પર બંધ થયો હતો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૬૯.૭૫ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકાના ઘટાડા સાથે ૧૭,૧૫૩ પોઈન્ટ પર બંધ થયો હતો. જુલિયસ બેરના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મિલિંદ મુચાલાએ જણાવ્યું હતું કે, ભારતીય શેરબજાર ડાઉનટ્રેન્ડમાં છે. ખાસ કરીને વૈશ્વિક માર્ચમાં ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ અને ફેડરલ રિઝર્વ દ્વારા પોલિસી રેટમાં ફરી વધારો કરવાના સમાચાર પર બજારમાં પ્રતિક્રિયા છે. બજાર માટે બે મુખ્ય ટૂંકા ગાળાના પડકારો છે ફુગાવાના દબાણ અને બોન્ડ યીલ્ડમાં ઉછાળો.

સેન્સેક્સના ૩૦ શેરોમાં નુકશાનમાં રહેલા શેરોમાં ટાઈટન, ટેક મહિન્દ્રા, મારુતિ સુઝુકી ઈન્ડિયા, વિપ્રો, નેસ્લે ઈન્ડિયા, ટીસીએએસ, લાર્સન એન્ડ ટુબ્રો, એચસીએલ ટેક્નોલોજીસ, ટાટા સ્ટીલ અને એચડીએફસીનો સમાવેશ થાય છે. બીજી તરફ, લાભ મેળવનારાઓમાં ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝ, એશિયન પેઈન્ટ્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ., ભારતી એરટેલ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને કોટક મહિન્દ્રા બેંકનો સમાવેશ થાય છે.

## ચીનના વિદેશ મંત્રી ભારતના પ્રવાસે

### ભારતના વિદેશમંત્રીને મળશે : ઓઆઈસીની બેઠકમાં પાકે. કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો હતો

નવી દિલ્હી, તા.૨૫

કાશ્મીર મુદ્દે નિવેદન આપ્યા બાદ ચીનના વિદેશ મંત્રી વાંગ યી ગુરૂવારે મોડી સાંજે દિલ્હી પહોંચ્યા હતા. તેઓ ભારતના અનેક મંત્રીઓની મુલાકાત લેવાના છે.

આજે એટલે કે શુક્રવારે તેઓ વિદેશ મંત્રી એસ જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલને મળવાના છે. ચીનના વિદેશ મંત્રી એવા સમયે ભારતના પ્રવાસે આવ્યા છે જ્યારે તેમના કાશ્મીર અંગેના નિવેદનને લઈ વિવાદ ચાલી રહ્યો છે. હકીકતે થોડા દિવસ પહેલા ઈસ્લામિક દેશોના સંગઠન ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (ઓઆઈસી)ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પાકિસ્તાને જોર-શોરથી કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો હતો. બેઠકમાં સામેલ ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ કાશ્મીર મુદ્દે કહ્યું હતું કે, 'કાશ્મીર મુદ્દે આજે ફરી અમે અનેક ઈસ્લામિક દોસ્તોની વાતો સાંભળી. આ મુદ્દે ચીનની પણ આ જ આશાઓ છે.'

ચીની વિદેશ મંત્રીના કાશ્મીર મુદ્દેના આ નિવેદન બાદ ભારતે આકરી પ્રતિક્રિયા આપી હતી.

એક સંપૂર્ણ ઘરનો અહેસાસ...

II स्वराज 9+ II

પ્રધાનમંત્રી યોજના દ્વારા રૂ. ૨.૬૭* લાખ સુધી સબસીડીનો લાભ મેળવો.

1 & 2 BHK LIVING SPACE & SHOPS



Site : Nr. Viraj Apartment, Pethapur, Gandhinagar.

A PROJECT BY : NAVRATNA CORPORATION

98241 75219 • 98989 98183

RERA REG. NO. : PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA08113/240221 • www.gujrera.gujarat.gov.in

ગાંધીનગરના નાગરિકો માટે ખાસ

આર્યુવેદ તથા તંદુરસ્તી માટે ઘરમાં જ શાકભાજી, ફળો ઉગાડો અને ઉગાડેલી શાકભાજીમાંથી રસોઈ બનાવી અને તંદુરસ્તી મેળવો અને વિવિધ રોગોમાંથી મુક્તિ મેળવો.

'આહાર એ જ ઔષધિ'ના સિદ્ધાંત મુજબ
ગાંધીનગર - અમદાવાદમાં સંપૂર્ણ ઓર્ગેનિક પદ્ધતિથી ઘરમાં જ શાકભાજી - ફ્રુટ ઉગાડો નજીવા ખર્ચે.



આ ઓર્ગેનિક ખેતી માટેનો સેમિનાર અને ડેમો
તા. ૨૭/3/૨૦૨૨, રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.

સ્થળ :
૭૨૪/બી, સેક્ટર-૮/સી,
ગાંધીનગર સમાચાર પાસે, ગાંધીનગર

સંપર્ક : (૧) પ્રવિણ ચૌહાણ - Mo. 7096955791
(૨) નાડીવૈદ્ય મનોજ સંઘવી - Mo. 7862997355